# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા.

2) મહાઆરતી અને સ્વચ્છતા સહિતના કાર્યક્રમો દ્વારા રાજ્યમાં પ્રધાનમંત્રીના 12 વર્ષના સફળ શાસનની ઉજવણી.

3) અમદાવાદ મેટ્રો રેલવે પરિયોજનાના ફેઝ-2Aને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.

4) ટેકાના ભાવે બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં વધારો કરાયો.

5) જામનગરમાં રિલાયન્સ અને મેટા AI ડેટા સેન્ટર વિકસાવશે.

6) વિવિધ રાજ્યોમાં 43 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કરનાર ચાર આરોપીની કચ્છમાંથી ધરપકડ.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI- LONGEST SERVING PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. શ્રી મોદીએ 26 મે 2014 ના રોજ પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. તેમણે પંડિત જવાહરલાલ નેહરુના રેકોર્ડને તોડી નાખ્યો હતો, જેમણે 13 મે 1952 ના રોજ ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા અને 27 મે 1964 સુધી સેવા આપી હતી. પંડિત નેહરુનો ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકેનો કાર્યકાળ 4 હજાર 398 દિવસનો હતો. હવે પ્રધાનમંત્રી મોદીનો સતત કાર્યકાળ 4 હજાર 399 દિવસનો છે.

નવી દિલ્હી ખાતે યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આજે પ્રધાનમંત્રી મોદીને બિરદાવતો ઠરાવ પણ પસાર કરાયો. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ તેમણે અભિનંદન પાઠવાતો એક પત્ર લખ્યો.

# GUJ PM 12 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના સફળ શાસનની ઉજવણી અંતર્ગત આજે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે મહાઆરતીમાં સહભાગી થઈ પ્રધાનમંત્રીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દેશના અવિરત વિકાસ માટે મંગલકામના કરી. દરમિયાન આજે વડનગરમાં પણ અનેક ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાંજે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ભવ્ય "મહા આરતી" અને દસ હજાર દીવા પ્રગટાવવામાં આવશે. ભારતીય જનતા પાર્ટી પણ આજે રાજ્યભરના 18 વિવિધ ધાર્મિક સ્થળોએ એક સાથે સ્વચ્છતા અભિયાન અને મહાઆરતીનું આયોજન કરી રહી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ આજે પ્રધાનમંત્રીના વતન વડનગરના હાટકેશ્વર મંદિરે મહાઆરતીમાં જોડાશે.

# 12 YEARS OF GOVERNMENT COMPLETED

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પુર્ણ થયા છે જેને અનુલક્ષીને રાજ્યમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શના વાઘેલાની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

દરમિયાન કચ્છ જિલ્લાના અંજાર અને સુરેન્દ્રનગર જિલ્લામાં હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાનમાં ખુલ્લામાં જમા થયેલો કચરો, પ્લાસ્ટિક અને સૂકા પાંદડાઓને એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરાયો.

મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે ભરૂચના ભોલાવ વિસ્તારમાં અને નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ વોર્ડમાં 'સ્વચ્છતા મહાભિયાન' અને 'વૃક્ષારોપણ' કાર્યક્રમનુ આયોજન કરાયું હતું.

મહેસાણા જિલ્લામાં શરૂ થયેલું પ્રગતિપથ યાત્રા આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગર પહોંચી હતી. જેમાં સાંસદ હરિભાઈ પટેલ ધારાસભ્ય સી જે ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વડનગર ખાતે પ્રેરણા સ્કૂલ હાટકેશ્વર મહાદેવ મંદિર અને મ્યુઝીયમ સહિત વિવિધ એતિહાસિક સ્થળો ની મુલાકાત કરી હતી.દરમિયાન જામનગરમાં પણ પ્રગતિપથ યાત્રામાં જિલ્લાના 13 જેટલા ઉત્કૃષ્ટ પ્રકલઓપોની નાગરિકોની ઝાંખી કરાવાઇ હતી.

# CABINET AHMEDABAD METRO

અમદાવાદ મેટ્રો રેલવે પરિયોજનાના ફેઝ-2Aને આજે કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી છે. બે હજાર 169 કરોડ રૂપિયાના ખર્ચે બનનાર આ પરિયોજના કોટેશ્વર અને અમદાવાદ હવાઈમથકને જોડશે. કુલ 6 કિલોમીટરના આ કોરિડોરમાં પાંચ સ્ટેશન બનશે, જેમાં ચાર એલિવેટેડ અને એક ભૂગર્ભ સ્ટેશન સામેલ છે.

આ અંગે વધુ માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ફેઝ 2A કાર્યરત થયા પછી, અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રો રેલનું સક્રિય માળખું 77 કિલોમીટરથી વધુનું થઈ જશે.

(BYTE: ASHWINI-VAISHNAV)

# JITU VAGHANI MSP

ટેકાના ભાવે બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં વધારો કરાયો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તથા કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે આજે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ નિર્ણય લેવાયો જે અનુસાર હવે પ્રતિ ખેડૂત 3 હજાર 500 કિલો બાજરીની જ્યારે મકાઈની 2 હજાર 500 કિલો અને જુવારની એક હજાર 700 કિલોની ખરીદી થશે. શ્રી વાઘાણીએ કહ્યું, આ નિર્ણયથી હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ થશે અને તેઓ પોતાની વધુ ઉપજ ટેકાના ભાવે વેચી શકશે.

(BYTE: JITU VAGHANI AGRICULTURE MINISTER)

# AYUSHMAN BHARAT

PM-JAY એટલે કે આયુષમાન ભારત યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં 2 કરોડ 79 લાખ લોકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યમાં આરોગ્યક્ષેત્રે પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ અંગેની વિગતો આપતા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફૂલ પાનસેરીયાએ જણાવ્યું, આ યોજના હેઠળ દર્દીઓને મહત્તમ સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી 2 હજાર 400થી વધુ મૅડિકલ પ્રૉસિજર-સારવાર પદ્ધતિઓનો સમાવેશ કરાયો છે. PM-JAY યોજના હેઠળ એક હજાર 981 હોસ્પિટલ આવરી લેવાઈ છે.

# DANG LABHARTHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તેમની સરકારે શરૂ કરેલી અનેક યોજનાઓથી મહિલાઓ પગભર થઈ રહી છે.તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં શરૂ કરાયેલી મિશન મંગલમ યોજનાથી મહિલોનું જીવનધોરણ સુધર્યું છે. આ અંગે ડાંગ જિલ્લાના એક લાભાર્થીની પ્રતિક્રિયા સાંભળીએ.

(BYTE: VANDANABEN WAGH, A SELF-RELIANT WOMAN)

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# JAMNAGAR AI DATA CENTRE

જામનગરમાં રિલાયન્સ અને મેટા AI-સક્ષમ ડેટા સેન્ટર વિકસાવશે. આજે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ-RIL અને મેટાએ માટેના કરાર પર સંમત થયા છે. આ પ્રોજેક્ટમાં રિલાયન્સ ડિઝાઇન, બાંધકામ, ઉપયોગિતાના સંચાલન, પુનઃપ્રાપ્ય ઊર્જા, નેટવર્ક કનેક્ટિવિટી અને સંચાલિત સેવાઓ સહિતની સેવાઓ પૂરી પાડશે. 168 મેગાવોટ ક્ષમતા ધરાવતું આ ડેટા સેન્ટર બે વર્ષમાં તૈયાર થશે. આ ડેટા સેન્ટર મેટાની વૈશ્વિક માળખાગત સુવિધાઓને સેવા પૂરી પાડશે, તેમજ તેના મુખ્ય વ્યવસાય અને AI કમ્પ્યુટની જરૂરિયાતોને સહાયરૂપ થશે. આનાથી વિશ્વવ્યાપી ડિજિટલ અને AI ઇકોસિસ્ટમમાં ભારતની વધતી જતી ભૂમિકા વધુ મજબૂત બનશે.

# KUTCH OPERATION MULE HUNT

વિવિધ રાજ્યોમાં 43 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કરનાર ટોળકીના ચાર આરોપીની કચ્છમાંથી ધરપકડ કરવામાં આવી છે. ઓપરેશન મ્યુલ હન્ટના બીજા તબક્કા હેઠળ પૂર્વ કચ્છ સાયબર ક્રાઇમ પોલીસે મ્યુલ એકાઉન્ટ મારફતે કરોડોની છેતરપિંડી કરતાં આ શખ્સોને ગાંધીધામમાંથી ઝડપ્યા છે. આરોપીઓએ 105 બેન્ક ખાતાઓ દ્વારા 43 કરોડ 93 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. આ બેન્ક ખાતાઓ સામે કર્ણાટક, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ,સહિત વિવિધ રાજ્યોમાં સાયબર છેતરપિંડીની ફરિયાદો નોંધાયેલી છે. આ મ્યુલ એકાઉન્ટનું નેટવર્ક ગાંધીધામથી શ્રીલંકા સુધી ફેલાયેલું હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

# AHMEDABAD AAG

અમદાવાદના ગ્યાસપૂર મેટ્રો સ્ટેશન નજીક આગ લાગતાં 60 જેટલા ઝૂંપડાં બળીને ખાખ થયા છે. ફતેવાડી કેનાલની સમાંતર આવેલા 120થી 150 જેટલા ઝૂંપડાઓમાં આજે આગની ઘટનાને પગલે ફાયર બ્રિગેડની 16 જેટલી ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી આગને કાબુમાં લીધી. ઝૂંપડામાં આશરે 150 થી 200 લોકો તાત્કાલિક બહાર નીકળી જતાં જાનહાનિ  ટળી હતી.

**(BYTE: MANUBHAI SOLANKI FIRE OFFICER)**

# WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમી વિક્ષોભને કારણે વરસાદી માહોલ સર્જાઇ શકે છે. આજથી ચાર દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR, METEOROLOGICAL DEPARTMENT)**

# NHRC SUO MOTU

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ-NHRCએ, સુરતમાં ટાંકી સાફ કરતી વખતે ચાર કામદારોના મૃત્યુના અહેવાલોની સ્વતઃ નોંધ લીધી છે. અહેવાલો અનુસાર, પીડિતો સલામતીના નિયમોનું પાલન કર્યા વિના ટાંકીમાં પ્રવેશ્યા હતા ત્યારે આયોગે રાજ્યના મુખ્ય સચિવ અને સુરત પોલીસ કમિશનરને નોટિસ પાઠવી બે અઠવાડિયામાં ઘટનાનો વિગતવાર અહેવાલ માંગ્યો છે.